જા..નં. ક-૪/પ્લાન/૨૦૨૬/૭૮૨૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી.
અનાવિલ ભવન સામે,
કારેલીબાગ, વડોદરા
તા. ૨૨/૦૭/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી ,

સરકારી, ગ્રાન્ટેડ, તથા નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (તમામ)

વિષય:- પાલક માતા-પિતા યોજનાના લાભાર્થીઓ અંગેનું પ્રમાણપત્ર આપવા બાબત...
સંદર્ભ:- જિલ્લા બાળ સુરક્ષા એકમ, વડોદરાના પત્ર ક્રમાંક:ડીસીપીયુ.વ./પા.મા.યો./2026-27/2026/288, તા.16/07/2026

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપની શાળામાં કોઈ પાલક માતા-પિતા યોજનાના લાભાર્થીઓ યોજનાના લાભથી વંચિત રહી ગયેલ નથી તે મતલબના પ્રમાણપત્રમાં આચાર્યના સહી-સિક્કા કરી તા.30/07/2027 સુધીમાં અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

<u>બિડાણ:-</u> પ્રમાણપત્રનો નમૂનો

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર લખી આપવામાં આવે છે કે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અધિકારિતા વિભાગના સમાજ સુરક્ષા પ્રભાગ અંતર્ગત અનાથ બાળકોની સંભાળ માટે પાલક માતા-પિતા યોજના અંતર્ગત અત્રેના ગામ --------------- તાલુકા:------------------- જિ. વડોદરા તારીખ:------------------------ના રોજ ચકાસણી કર્યા બાદ (૧) જે બાળકના માતા પિતા બંને અવસાન પામેલ હોય તેવા તથા (૨) જે બાળકના માતા પિતામાંથી કોઇ એક અવસાન પામેલ હોય અને માતા કે પિતા પૈકી કોઇ એકે પુન:લગ્ન કરેલ હોય તેવા એકપણ ૦ થી ૧૮ વર્ષના બાળકો પાલક માતાપિતા યોજનાનો લાભ મળવાથી વંચિત રહી ગયેલ બાળકો અને જે પાલક માતાપિતા યોજનાનો લાભ લઇ રહેલ છે તેવા બાળકોની વિગતો નીચે મુજબ છે.

## પાલક માતાપિતાના લાભથી વંચીત બાળકોની યાદી

| ક્રમ | બાળકનું નામ | જન્મ તારીખ | ધોરણ | સરનામું અને મોબાઇલ નંબર | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |

## પાલક માતાપિતાના લાભ લઇ રહેલ બાળકોની યાદી

| ક્રમ | બાળકનું નામ | જન્મ તારીખ | હાલનું ધોરણ | સરનામું અને મોબાઇલ નંબર | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |

નોંધ:- ઉપરોક્ત બાળકો સિવાય આમારા ગામમાં પાલક માતાપિતા યોજનાના લાભથી એકપણ બાળક વંચિત નથી. જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

શાળાનું નામ અને સરનામું:-

આર્ચાયનું નામ:-

મોબાઇલ નંબર-:

આર્ચાયનો સહી સિક્કા

# પાલક માતા-પિતા યોજના

**ગુજરાત સરકારના સામાજિક ન્યાય અધિકારિતા વિભાગના સમાજ સુરક્ષા પ્રભાગ અંતર્ગત અનાથ બાળકોની સંભાળ માટે પાલક માતા-પિતા યોજના અમલમાં મુકવામાં આવેલ છે.**

**યોજનાનો લાભ કોને મળી શકે?**

- જે બાળકના માતા પિતા બંને અવસાન પામેલ હોય તેવા 0 થી ૧૮ વર્ષના બાળકોને આ યોજનાનો લાભ મળવા પાત્ર છે.
- જે બાળકના માતા પિતામાંથી એક અવસાન પામેલ હોય અને અન્યએ પુનઃલગ્ન કરેલ હોય તેવા બાળકોને આ યોજનાનો લાભ મળવા પાત્ર છે.
- ૧૮ વર્ષથી નીચેના અનાથ બાળકને કે જે તેમના મામા-મામી, કાકા-કાકી, દાદા –દાદી, ફોઈ-ફુવા અથવા અન્ય સબંધી સાથે રહેતા હોય તેઓને લાભ મળે.

**લાભની રકમ**

- આ યોજના દ્વારા બાળકના ભરણ પોષણ તેમજ અભ્યાસ માટે પ્રતિ બાળક દીઠ દર માસે રૂ. 3000/- DBT મારફતે પાલક/બાળકના ખાતામાં નાણાંકીય સહાય આપવામાં આવે છે.

**યોજનાના હેઠળ અરજી સાથે નીચેના આધાર/પુરાવા સામેલ રાખવા**

૧. બાળકનો જન્મના દાખલાની પ્રમાણીત નકલ.

૨. બાળકનું આધારકાર્ડ ની પ્રમાણીત નકલ.

૩. બાળકનું શાળાનું પ્રમાણપત્ર (બોનોફાઇડસટી) / શાળાના આચાર્યનું નામ અને મોબાઈલ નંબર અવશ્ય લખવો.

૪. ૫ વર્ષથી નાના બાળકોને આંગણવાડીમાં મુકવાના રહેશે, તથા આંગણવાડીમાં જતા બાળકો માટે પ્રોગ્રામ ઓફિસરનું પ્રમાણપત્ર દર વર્ષે રજુ કરવાનું રહેશે.

૫. બાળકના બેંક અકાઉન્ટની પ્રમાણીત નકલ.

૬. બાળકનો પાસપોર્ટ સાઈઝ ફોટો-૨ વાલી સાથે જોઇન્ટ ફોટો-૧

૭. માતા-પિતાના મરણના દાખલાની પ્રમાણીત નકલ.

૮. જે કિસ્સામાં માતાએ પુનઃલગ્ન કરેલ છે તેવા કિસ્સામાં તલાટી કમ મંત્રી દ્વારા કરેલ પુનઃલગ્ન અંગેનું
પંચનામું (ઓરીજીનલ) અથવા લગ્ન અંગેની નોંધણીની પ્રમાણીત નકલ.

૯. પાલક માતા-પિતાના આધારકાર્ડ, ચુટણી કાર્ડ અને રેશનકાર્ડની પ્રમાણીત નકલ.

૧૦. પાલક વાલીનો મામલતદારશ્રી તથા ટી.ડી.ઓશ્રીનો આવકનો દાખલાની પ્રમાણીત નકલ. (ગ્રામ્ય કક્ષાએ ૨૭000 અને શહેરી કક્ષાએ ૩૬000થી વધારે)

૧૧. બે સાક્ષી તરીકેના પડોશીના આધાર કાર્ડ ની પ્રમાણીત નકલ, મોબાઈલ નંબર અને સર ની વિગતો.